


"જોયુને પાછી ધમાધમ ચાલુ..!"

"શાની ધમાધમની વાત કરો છો ?હજુ પાણી તો ઓસરવા દો..!"

"અરે ભાઈ, ગુજરાતની નહી દિલ્હીની વાત કરૂ છુ. સંસદનું સત્ર ચાલુ થયુ નથી કે ધમાધમ ચાલુ થઈ નથી. દેકારા ને પડકારા ચાલશે."

"હા... હા... ખૂબ જ ખોટુ થાય છે. બન્ને પક્ષે કલાકોના કલાકો વેડફાઈ જાય છે. લાખો રૂપિયાનુ પાણી થઈ જાય છે અને વિકાસની અને દેશહિતની વાતો માત્ર મિનિટો પૂરતી જ થાય છે પણ શુ કરીએ ?"

"કેમ શુ કરીએ એટલે..? તમામ રાજકીય પક્ષોએ ગંભીરતાપૂર્વક વર્તવુ જોઈએ. પ્રજાહીતની વાત કરવી જોઈએ. વિકાસના અવરોધકોને ખુલ્લા પાડવા જોઈએ."

"હં... આ તો થઈ બધી સુફીયાણી વાતો. વાસ્તવિકતા કંઈ અલગ જ હોય છે. દરેક પક્ષને પોતપોતાના સમીકરણો ગોઠવવાના હોય છે. હિસાબ-કિતાબ ચૂકતે કરવાના હોય છે. દંભ દેખાડા વચ્ચે પ્રજા કલ્યાણની વાતો કેવી ઉછળી ઉછળીને કરે છે એ બતાવવાનુ હોય છે."

"ઓ હો હો એટલે તમારી ફૂટપટ્ટીએ બધા જ સરખા છે."

"સો ટકા... પહેલા ફિલ્ડીંગમાં હતા એ બુમાબુમ કરતા હતા, આજે એ બેટીંગમાં છે ત્યારે ફિલ્ડીંગમાં આવેલા હવે બુમાબુમ કરે છે. કોનો ખેલ કોણ ક્યારે બગાડે છે એ જ જોવાનુ હોય છે બાકી તો..!"

"હં... સમજી ગયો, કોઈને વખાણવા જેવા નથી એમ જ કહેવું છે આપનુ.

હુ સંમત નથી આપની સાથે. આજે જે સરકાર છે એની સામે ખોટા હોબાળા થાય છે. બાકી આદર્શ છે આદર્શ."

"ઓ હો... ભાઈ... તમે તો ખૂબ પ્રભાવમાં છો. પીળુ એટલુ સોનુ નથી હોતુ ભાઈ."

"ના... ના, તમારાવાળા તો ખોટા ખોટા હોબાળા કરે છે. કેવો વિકાસ, કેટલો વિકાસ કર્યો છે અમારી સરકારે. કેટલા ગામોને વીજળી પહોંચાડી, યુવાનોને રોજગારી આપી..!"

"રહેવા દો... રહેવા દો... રહેવા દો... આટલા બધા કામ કર્યા હોય તો અવિશ્વાસની દરખાસ્ત કેમ આવે છે એ તો સમજાવો."

"એ તો રાજકારણનો ભાગ છે. આંધ્રને ખાસ પેકેજ ના મળ્યુ એટલે એનો બદલો લેવાય છે. આ તો બધા સ્ટંટ છે."

"હં... તમારાવાળા સાથે હોય એટલે બધા પવિત્ર ગંગા જેવા અને તમારી પાસેથી ખસે એટલે બધા સ્ટંટવાળા... કયા ઘરનો ન્યાય..?"

"અરે આમાં ન્યાય-અન્યાયની વાતો નથી. સમજવાની વાત છે."

"શુ સમજવાની વાત. અત્યાર સુધી નીતિશકુમાર ખાસ પેકેજની વાત કરતા હતા ત્યારે તમને નિરર્થક લાગતુ હતુ. હવે તમારી સાથે ગોઠવાઈ ગયા એટલે સમર્થ મુખ્યમંત્રી લાગવા માંડ્યા ? કુંવરજીભાઈ ગઈકાલ સુધી કોંગ્રેસી હતા એટલે તમે ગમે તેમ બોલતા હતા, હવે તમારી સાથે છે એટલે લોકસેવક ગણાય છે, કંઈક તો સાચુ બોલવાનું કહો તમારાવાળાને."

"અરે, સાચા ખોટાની વાત છે જ નહી. અમારાવાળા તો સાચુ જ બોલે છે એટલે જ પ્રજા ખોબલે ને ખોબલે મત આપે છે અને જો જો ને ૨૦૧૯ની ચૂંટણીમાં..."

"હા... હા... મામાનું ઘર કેટલે...?"

"... કમળ ખીલે એટલે.. ખરૂને..."

"હશે એ તો સમય સમયની વાત છે. સમયથી કોઈ બળવાન નથી."

"હા... સાહેબ... હા..."

# વરસાદ ખેંચાતા ખેડૂતોને કઠોળ પાકોનું વાવેતર કરવા ખેતીતંત્રની સલાહ

**આ સપ્તાહમાં હળવા-મધ્યમ-ભારે વરસાદની વધુ એક આગાહી આ બુલેટીનમાં કરાઈ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોને આકસ્મિક પાક આયોજન અંતર્ગત આગામી દિવસોમાં અડદ, ગુવાર, મગ, ચોળા અને ફેર રોપણીના શાકભાજીના પાકોનું વાવેતર કરવાની સલાહ ખેતીવાડી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

કૃષિ યુનિ. દાંતીવાડા દ્વારા હવામાન પૂર્વાનુમાનમાં ખેડૂતોને આ સલાહ તેના ૩૧મા બુલેટીનમાં અપાઈ છે.

૧૮ થી ૨૨ જુલાઈના પાંચ દિવસના હવામાન પૂર્વાનુમાનમાં જણાવાયુ છે કે આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે તેમજ મધ્યમથી ભારે વરસાદ આ સપ્તાહમાં થશે. મહત્તમ તાપમાન ૩૦-૩૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪-૨૫ ડિગ્રી રહેશે. હવામાનમાં ભેજનું પ્રમાણ ૫૯ થી ૯૦ ટકા અંદાજવામાં આવ્યુ છે. દક્ષિણ-પશ્ચિમના પવનની સરેરાશ ગતિ ૧૨ થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના પણ આ બુલેટીનમાં વ્યક્ત કરાઈ છે.

દરમ્યાન પ્રધાનમંત્રી પાક-વીમા યોજનામાં જે નોટીફાઈડ મેજર પાક દર્શાવાય છે તે પૈકીના એક પાક ગાંધીનગરમાં થતા નથી તેનો લાભ જિલ્લાના ખેડૂતોને થાય તેવી કોઈ શક્યતા ન હોવાથી ખેડૂતોમાં રોષની લાગણી જન્મી છે.

જિલ્લામાં ૨૦૧૭ કરતાં આ વર્ષે ખરીફનું વાવેતર પણ ઘટવા પામ્યુ છે. જે રીતે વરસાદ ખેંચાયો છે તે જોતાં ખેડૂતો હવે જુવાર ગાસચારાના વાવેતર ઉપરાંત દિવેલાની ખેતી તરફ વળે તેવી શક્યતાઓ વધુ છે. કારણ કે મહામૂલા પશુધન માટે ઘાસચારાનું વાવેતર જરૂરી છે.



સરકાર સતર્ક : સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદને પગલે થયેલ તારાજીના સંદર્ભે રાજ્ય સરકારનો કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રહે છે. છેલ્લા ૪૮ કલાકથી મહેસૂલ મંત્રી સતત કંટ્રોલ રૂમમાં હાજર રહી વિગતો મેળવી જરૂરી સૂચનાઓ પાઠવે છે. સરકાર વધુ સતર્ક બની રહી હોય એમ જણાય છે.

# રંગમંચનો ભાડા વધારો તાકીદે રદ કરો

**પ્રજાના પૈસે કરાયેલા રિનોવેશન અને સુવિધા આપવાને બદલે પ્રજાને લૂંટવાની વાત ખોટી છે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં રંગમંચના ભાડામાં ૧૦૦ ટકાનો વધારો કરવાના લેવાયેલા નિર્ણયનો ઘેરા પ્રત્યાઘાત નગરમાં પડવા પામ્યા છે.

વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ મનપાની ખાસ સામાન્ય સભા બોલાવી ભાડા વધારામાંથી નગરજનોને મુક્તિ આપવાની માંગણી કરી છે નહિ તો આ મુદ્દે આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

મેયરને લખેલા એક પત્રમાં બિહોલાએ જણાવ્યુ છે કે સીમીત આવક ધરાવતા કર્મચારીઓનું નગર છે અને આ નગરમાં આવકના કોઈ નવા સ્ત્રોત છે નહિ. ઔદ્યોગિક-વાણિજ્યક વિકાસ એટલો નથી થયો કે આટલુ કરભારણ અને આવા મોંઘાદાટ રંગમંચો આર્થિક રીતે પરવડી શકે.

બિહોલાએ તેમના પત્રમાં વહીવટીય ચાર્જ સદંતર પ્રજાને લૂંટવાનું પગલુ લેખાવી સંપૂર્ણ નાબુદ કરવાની વાત આ પત્રમાં કહી છે.

બિહોલાએ તેમના પત્રમાં લગ્નવાડીનુ ભાડુ તેમજ મોટા હોલનું સરકાર દ્વારા વસુલવામાં આવતા ભાડાના દરોનો ઉલ્લેખ

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગરમાં હજુ એક સપ્તાહ બાદ સારો વરસાદ

**જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મત મુજબ ૨૫મી બાદ ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં મેઘ મહેર થશે**

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ભાગમાં અતિવૃષ્ટિનો માહોલ સર્જાઈ રહ્યો છે. ત્યારે ઉત્તર ગુજરાત સહિત ગાંધીનગર-અમદાવાદ વરસાદી મહેરથી વંચિત રહી જવા પામ્યુ છે. આ પરિસ્થિતિમાં આગામી દિવસોમાં અરબ સાગરમાં વરસાદી સીસ્ટમ મજબૂત થતા હવે પાટનગરમાં પણ મેઘમહેર થવા પામશે તેવી આગાહી જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે કરી છે. તેમના જણાવ્યા મુજબ આગામી તા. ૨૪ થી ૨૮ જુલાઈ દરમ્યાન ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ થવાની સંભાવના છે.

અંબાલાલ પટેલે જણાવ્યુ હતુ કે હાલમાં સૌરાષ્ટ્રના ભાગોમાં અતિભારે વરસાદ જનધનને હાની થવામાં છે. ત્યારે ઉત્તર ગુજરાત તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં ઘણા ભાગોમાં વરસાદ ઓછો છે. આથી ભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોતાં જુલાઈ તા. ૧૯ થી ચોમાસુ વહન ઉત્તર ગુજરાતના ભાગો તરફ સક્રિય થાય અને આ ભાગોમાં વરસાદની સંભાવનાઓ વધે. જુલાઈ તા. ૨૫ થી પણ અરબ સાગરમાં ચોમાસુ સક્રિય થાય અને વરસાદની સિસ્ટમ મજબૂત બને એટલે કે ઉત્તર ગુજરાતના ભાગોમાં પણ વરસાદ થશે. તા. ૨૨ સુધીમાં હળવાથી કોઈ કોઈ ભાગોમાં વધુ વરસાદ થાય. આ અરસામાં કચ્છ અને બનાસકાંઠાના ભાગોમાં પણ વરસાદ થાય જ્યારે તા. ૨૫ થી ૨૮માં ઉત્તર ગુજરાત સહિત ગુજરાતના ઘણા ભાગોમાં હળવાથી ભારે વરસાદની સંભાવના રહેશે. અરવલ્લી, દાંતાના ભાગો, સાબરકાંઠાના ભાગો, બનાસકાંઠા, પાટણ, સિદ્ધપુર, મહેસાણાના ભાગો, કડી બહેચરાજી પંથકમાં પણ વરસાદ થવાના યોગો રહે. જ્યારે મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ રહે. પંચમહાલ, દાહોદ વગેરે ભાગોમાં ભારે વરસાદની સંભાવના રહે. સાપુતારા, મહારાષ્ટ્રના ભાગો ખાનદેશ તેમજ ગુજરાતના આહવા, ડાંગ અને વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાઓ રહે. ગુજરાતના ઘણા ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા રહેશે.

# ધોરણ-૧૦નુ પરિણામ સુધારવા માટે ધો-૯માં પણ વધારાના વર્ગો શરૂ કરાશે

**ડી.ઇ.ઓ. સાથેની બેઠક દરમિયાન આચાર્યોએ રજુ કરેલા એકશન પ્લાન મુજબની કામગીરી અન્વયે સમીક્ષા કરવા પણ શિક્ષણ તંત્રના અધિકારીઓએ શાળાઓમાં રાઉન્ડ લેવાનુ શરૂ કર્યુ**

ગાંધીનગર તા ૧૮

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો-૧૦ની પરીક્ષામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યો સાથે જિલ્લા શિક્ષણ તંત્રએ બેઠક કરી હતી. જયારે બેઠક દરમિયાન પરિણામ સુધારણા અન્વયે આચાર્યો દ્વારા એકશન પ્લાન પણ રજુ કરાયો હતો. પરિણામ સુધારણા માટે ધો-૧૦ની સાથે ધો -૯ ના વિદ્યાર્થીઓ માટે પણ વધારાના વર્ગો શરૂ કરાયા છે. જયારે આ કામગીરીનુ નિરિક્ષણ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ નબળુ પરિણામ ધરાવતી શાળાઓના રાઉન્ડ લેવાનુ પણ શરૂ કરી દીધુ છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધો-૧૦ ની પરીક્ષામાં જિલ્લામાં ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામ સુધારણા માટે

● અનુસંધાન પાના - ૭ પર

## એક આચાર્ય અને ત્રણ શિક્ષકોના ઈજાફા અટકાવાયા

ધો -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આચાર્યો સાથે મળીને એકશન પ્લાન તેમજ પરિણામ સુધારણા માટેના આયોજન અંગે પણ અગાઉ ચર્ચા કરી યોગ્ય અમલ થાય તે માટે જરૂરી સુચના આપી હતી. જયારે સતત નબળુ પરિણામ ધરાવતી શાળાઓ પણ શિક્ષણ તંત્ર માટે ચિંતાનો વિષય બની છે. બાર્ડની પરીક્ષામાં છેલ્લા કેટલાક વર્ષોથી પરિણામ સુધારણાના મામલે પણ નબળી પુરવાર થઈ હોય તેવા એક શાળાના આચાર્ય તેમજ ૩ શિક્ષકોના ઈજાફા પણ શિક્ષણતંત્ર દ્વારા અટકાવાયા છે.




ગઢવી- બેસણું

અમારા પૂજ્ય માતૃશ્રી પૂ.હિરાબા દેવીસિંહજી ગઢવીનું તા. ૧૭-૦૭-૨૦૧૮ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૦-૦૭-૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ સુધી તથા ઉત્તર ક્રિયા તા. ૨૯-૦૭-૧૮ને રવિવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : લેઉવા પાટીદાર સમાજ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર

લિ.મનહરદાન ડી. ગઢવી (પૂર્વ નાયબ સચિવ)

| | | |
|---|---|---|
| મોરારદાન ડી.ગઢવી | સાગરદાન ડી.ગઢવી | દિલીપદાન ડી. ગઢવી |
| ડૉ. જયદિપ એમ.ગઢવી(પૌત્ર) | ભાવિનકુમાર એમ. ગઢવી (પૌત્ર) | કુલદિપ એસ.ગઢવી (પૌત્ર) |
| રાજદિપ એસ.ગઢવી (પૌત્ર) | ગૌરાંગ એમ.ગઢવી (પૌત્ર) | મયુર ડી.ગઢવી (પૌત્ર) |


## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા લેવાયેલ લેખીત પરિક્ષા બાબતે માર્ગદર્શન

તા. ૧૭.૦૭.૨૦૧૮ ના રોજ વર્ગ-૩ ની જુદી-જુદી જગાઓ જેવી કે વાયરમેન, પશુધન નિરીક્ષક, મ્યુ. સેનેટરી ઈન્સ્પેકટર તથા અન્ય જગાઓ માટે કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટની પરિક્ષાની તારીખો જાહેર થયેલ છે.

૧. આ પરિક્ષા આપવા SC, ST, SEBC તથા PH એમ બધા ઉમેદવાર માટે લઘુત્તમ ગુણ ૪૦ નક્કી કરાયેલ છે જે નિયમ વિરૂદ્ધનું છે. આ છૂટછાટ માટે સુપ્રીમ ઓથોરીટી સમક્ષ રજુઆત કરવાની હોઈ ૪૦ ટકાથી ઓછા ગુણ ધરાવનાર રસ ધરાવનાર ઉમેદવારોએ માર્ગદર્શન માટે અગાઉથી સમય મેળવી રૂબરૂ મળવું.

૨. નોકરીના કામે રાજ્યની અથવા રાજ્ય બહારની UGC માન્ય યુનિ. એ UGC ની માન્યતા તેમજ કોર્સની માન્યતા બાબતે સત્યતા પ્રસ્થાપિત કરવાની હોય છે. આમ કરવામાં નિષ્ફળ જનાર ઉમેદવારને નોકરી મળતી નથી અને ફરીયાદ દાખલ થાય છે. તાજેતરમાં સરકાર તરફથી હિમાલયન યુનિ., ઈટાનગર, Calorx યુનિ., અમદાવાદ, માનવભારતી યુનિ., સોલન, OPJS Uni. રાજસ્થાન, વિનાયકા મિશન્સ યુનિ., તામીલનાડુ, સનરાઈઝ યુનિ. રાજસ્થાન, કર્ણાટક સ્ટેટ ઓપન યુનિ. મૈસુર માંથી લાયકાત મેળવેલ ઉમેદવારો સામે સરકારશ્રીએ તપાસ કરેલ હતી. જેથી માત્ર UGC ની માન્યતાવાળી યુનિ. ના પ્રમાણપત્ર હોવાને કારણે નોકરી મળી જાય તેવું નથી. નોકરી મેળવનારે સરકાર દ્વારા માંગેલ જે તે ડોક્યુમેન્ટ્સ પુરા પાડી જે તે યુનિ. ની સત્યતા પ્રસ્થાપિત કરવી પડે છે. અન્યથા પોલીસ ફરીયાદ દાખલ થતી હોય છે. આ અંગે વધુ જાણકારી માટે સરકારશ્રીનો તપાસ અહેવાલ, રાજ્યની દાંતિવાડા એગ્રીકલ્ચર યુનિ. નો કાઉન્સીલનો ઠરાવ, સરકારશ્રીના પશુપાલન ખાતાના સચિવશ્રીનો નિર્ણય તથા ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ રૂબરૂ જોવા હોય તો અગાઉથી સમય મેળવી મુલાકાત કરી શકો છો.

લોર્ડ ક્રિશ્ના ટ્રસ્ટ દ્વારા જાહેર હિતમાં પ્રસ્તુત.

**આર. એમ. પટેલ,** બ્લોક નં. સી-૧૦, શ્રીજીબાપા કોમ્પલેક્ષ, સ્વામીનારાયણ મંદિર સામે, બસ સ્ટેન્ડ પાસે, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ. M. 9904377825

## SPORTS AUTHORITY OF INDIA

NETAJI SHUBHAS WESTERN CENTRE,
SECTOR-15, GANDHINAGAR (Guj.) Phone 079-23223182
Fax :- 079-23222441 E-mail :- dd.sai.nswc@gmail.com

**AUCTION NOTICE**

No SAI/NSWC/GANDHINAGAR/Auction/2018-19/ Dated : 18-7-2018

Sports Authority of India Netaji Subhash Western Centre, Sector-15 Gandhinagar - 382016 invites Auctioneers (agencies) for the Auction of following scrapes through public Auction as per details given below

| Sl. No. | Description of scrapes |
|---|---|
| 1 | Disposal of scrapes / unserviceable store items & building materials scrapes "as it is where it is basis" (lying near squash court / swimming pool) |

Date & time of inspection by the Auctioneer - 23.07.2018 & 24.07.2018 (10.00 AM to 15.00 Hours)

Date & time of Aucion : 25.07.2018 (15:00 hours)

Before taking part in Auction, EMD amount of **Rs. 3000/-** has to be deposited by the agency/auctineers in cash with the cashier against proper receipt or through DD in favour of Regional Director, Sports Authority of India, Gandhinagar. The terms & conditions of the auction will be intimated to the Auctioneer at the time of Auction

DY. DIRECTOR I/C
SAI GANDHINAGH

# શહેરી વિસ્તારના ગામોમાં આગામી ઉનાળા સુધીમાં પાણીનો પ્રશ્ન હલ થશે

**શહેરી ગામોમાં ટાંકી અને સંપનુ કામ પુર્ણ થયા બાદ પાઇપલાઇનનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૮

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા પાણીની ઓવર હેડ ટાંકી અને સંપ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.જયારે અગાઉ ગ્રામ્ય વિસ્તારમાં પાણીના નવા બોરનુ પણ નિર્માણ કરાયુ હતુ. આગામી દિવસોમાં પાણીની સમસ્યાને હલ કરવા મટે પાઈપલાઈનનુ કામ હાથ ધરવા પણ આયોજન કરાશે. જયારે આગામી ઉનાળા સુધીમાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનો આક્રોશ અવાર નવાર ગ્રામજનોમાં ઉઠવા પામે છે. જયારે પાણી , ગટર અને રસ્તાના કામો હજુ પણ બાકી હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહયા છે. જો કે પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા અગાઉ નવા બોર બનાવાયા હતા.

જયારે હાલ શહેરી વિસ્તારના પાલજ , બાસણ , બોરીજ, ઈન્દ્રોડા અને ધોળાકુવા ગામમાં પાણીની નવી ટાંકી અને ઓવર હેડ સંપ બનાવવા માટે પણ હાલ કામગીરી ચાલી રહી છે. આગામી ત્રણ મહીનામાં ટાંકી તેમજ સંપનુ કામ પુર્ણ કરી દેવાશે. ગ્રામ્ય વિસ્તારમાં ટોપોગ્રાફીના લીધે પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ અનેક વાર ઉઠવા પામે છે. આવા સંજોગોમાં પાણીની સમસ્યાને ડામવા માટે તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહયા છે. નગરને અડીને આવેલા ગામોમાં સુવિધાઓના નામે મીંડુ હોવાથી ગ્રામજનો પરેશાન છે.

જયારે પાણીની વિકરાળ સમસ્યાને ડામવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહયુ છે. હાલ ગ્રામ્ય વિસ્તારમાં ૭ થી ૧૬ લાખ લીટરની ક્ષમતા ધરાવતા નવા સંપ બનાવવાનુ કામ ચાલી રહયુ છે. જયારે જુની ટાંકી ૧ લાખ લીટરની ક્ષમતાવાળી હતી. જયારે હવે નવી ટાંકી પણ ૩.૬૮ થી ૮.૩૪ લાખ લીટરની ક્ષમતા ધરાવતી ઓવરહેડ ટાંકી તૈયાર કરવામાં આવી રહી છે. ઓવરહેડ ટાંકી અને સંપનુ કામ પુર્ણ થયા બાદ પાઈપલાઈનની કામગીરી હાથ ધરાશે જયારે આ માટે એજન્સી દ્વારા સર્વે કરી દેવાયો છે.

# ઓરી-રૂબેલા રસીકરણ અભિયાન સામે વિરોધી સૂર કાઢતી શૈક્ષણિક સંસ્થાઓ સાથે કલેક્ટરની બેઠક

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી હાથ ધરાયેલ મિઝલ્સ-રૂબેલા રસીકરણ અભિયાનમાં વિરોધ કરતાં સંચાલકો તેમજ કેટલાક સામાજિક આગેવાનો સાથે એક વિશેષ બેઠક કરી હતી.

જિલ્લા કલેક્ટર લાંગાના અધ્યક્ષપદે મળેલ આ બેઠકમાં મનપાના કમિશ્નર અમરાણી, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા સહિત આરોગ્ય અને શિક્ષણ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

મળતી વિગતો મુજબ દહેગામ-કલોલ અને ગાંધીનગર તાલુકો તેમજ શહેરની કેટલીક શાળાઓ દ્વારા આ અભિયાનનો વિરોધ કરાયો હતો. જિલ્લા કલેક્ટરે દહેગામ કલોલના કેટલાક સામાજિક આગેવાનો સાથે પણ બેઠક કરી અને રસીકરણ અભિયાનનું મહત્વ સમજાવ્યુ હતુ.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે જે શૈક્ષણિક સંસ્થાઓ અનરજીસ્ટર્ડ છે તેના નાના ભૂલકાંઓને પણ રસીકરણ અભિયાનમાં આવરી લેવા આયોજન કરવુ જોઈએ. તેમણે જણાવ્યુ હતુ કે છેલ્લા બે દિવસ દરમ્યાન ૧૫ ટકાથી વધુ બાળકો આવરી શકાયા નથી તેમના માટે વિશેષ આયોજન કરી અભિયાનને આગળ ધપાવવા માટે જણાવ્યુ હતુ.

આજની આ બેઠકને અંતે કેટલીક શાળાઓ વાલીઓ અને આરોગ્યના અધિકારીઓની ટીમ સાથે સંયુક્ત બેઠક કરવા માટે સહમતિ આપી હોવાનુ જાણવા મળેલ છે.

શહેરી વિસ્તારમાં વિરોધ કરતી શાળાઓની સંખ્યા વધુ જણાઈ હતી. જોકે ગ્રામ્ય વિસ્તારમાં પણ દહેગામ-કલોલમાં આ સંખ્યા મોટી હોવાનું જાણવા મળેલ છે. આગામી સપ્તાહે વધુ એકાદ બેઠકમાં અભિયાનની પુનઃ સમીક્ષા કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.


**તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે**

1-5 BHK ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)
200-5000 ft. ઓફીસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ
Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી,
સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC
THE SPACE 93288 01440, 93287 01440
E-mail : npthespace@gmail.com

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com